કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે મૃત્યુ પામેલ આંગણવાડી કાર્યકર/તેડાગરના આશ્રિતને રૂ.૨૫ લાખની સહાય મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૨૧/૨૭૯/બ૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૦૨/૨૦૨૨

વંચાણે લીધા:

1) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૮/૦૪/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/૨૫૦/ક.
2) સામાન્ય વહીવટ વિભાગનો તા.03/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/૨૫૦/ક.
3) મહેસુલ વિભાગનો તા.૨૨/૦૫/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:સીએમએફ/૧૦૨૦૨૦/૮૫/સી.એમ.ફંડ.

## પ્રસ્તાવના

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન સંક્રમિત થયેલ કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને ૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી ઉક્ત સહાય મંજૂર કરવાની સત્તા વહીવટી વિભાગના વડાને નિયત ચેકલીસ્ટને આધીન સોંપવામાં આવેલ છે. વંચાણે લીધા (3) પરના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાઈરસ (COVID-19) ના સંક્રમણને કારણે કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ. ૨૫ લાખની સહાય માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત નિધિમાંથી ચુકવવાનું ઠરાવેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરની મળેલ દરખાસ્ત અન્વયે કોરોના વાયરસની મહામારી દરમિયાન ભુજ-કચ્છ જિલ્લા પંચાયત, આઇસીડીએસ, ભચાઉ-૨ ઘટકના જંગી સેજાના વાંઢીયા-૨ આંગણવાડી કેન્દ્રમાં ફરજ બજાવતા આંગણવાડી કાર્યકર સ્વ. લીલાવંતીબેન ભરતભાઇ સોનીનું તા.૧૯/૧૧/૨૦૨૦ ના રોજ દુ:ખદ અવસાન થયેલ હોવાથી તેઓના આશ્રિત કુટુંબને ૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય મંજૂર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

## //હુકમ//

૨/- રાજ્યમાં નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમિયાન સંક્રમિત થયેલ સ્વ.લીલાવંતીબેન ભરતભાઇ સોની, આંગણવાડી કાર્યકરનાં દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓનાં આશ્રિત કુટુંબને ૨૫ (પચીસ) લાખ રૂપિયાની સહાય ચુકવવાની આથી અનુમતિ આપવામાં આવે છે.

૩/- સ્વ.લીલાવંતીબેન ભરતભાઇ સોની ના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ વિગેરે વિગતો નીચે મુજબ છે:

| | | | |
|---|---|---|---|
| (૧) | અવસાન પામેલ આંગણવાડી કાર્યકર/તેડાગરનું નામ | : | સ્વ. લીલાવંતીબેન ભરતભાઇ સોની |
| (૨) | હોદ્દો | : | આંગણવાડી કાર્યકર, વાંઢીયા-૨ |
| (૩) | કર્મચારીનું અવસાન થયા તારીખ | : | ૧૯/૧૧/૨૦૨૦ |
| (૪) | અવસાન પામનારનું સરનામું | : | રહે. ૨૭૪, બજાર વાસ, વાંઢીયા, તા.ભચાઉ, જિ. કચ્છ-ભુજ, ૩૭૦૧૫૦ |
| (૫) | અવસાન પામનારના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ | : | ભરતભાઇ ધરમશીભાઇ સોની (પતિ) |
| (૬) | મૃતકના વારસદારના બેંક ખાતાની વિગત | : | બરોડા ગુજરાત ગ્રામીણ બેંક<br>ખાતા નં.: ૭૬૧૨૧૦૦૫૪૯૫૦<br>બ્રાન્ચ નામ: SAMAKHIALI, BHACHAU,<br>ISFC- BARB0BGGBXX |

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રીની તા.૨૨/૦૨/૨૦૨૨ના રોજ નોંધ પર મળેલ અનુમતિ અન્વયે કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. જી. રાજ )
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

1) માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2) માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
3) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5) સેકશન અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું રાહત ફંડ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (બે નકલ)
6) સ્વ. લીલાવંતીબેન ભરતભાઇ સોનીના આશ્રિત કુટુંબને જાણ અર્થે (પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ભુજ-કચ્છ મારફત)
7) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર વેબસાઇટ પર મુકવા સારુ.
8) શાખા સિલેક્ટ ફાઇલ